*This Question Paper contains 8 printed pages.*

Seat No.:

Sl. No. :

# 001(G)

**(February, 2025)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્ર A, B, C, D, E પાંચ વિભાગમાં વહેંચાયેલું છે.
2) પ્રશ્નપ્રકાર પ્રમાણે વિકલ્પ આપેલ છે.
3) જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.
4) ભાષાશુદ્ધિ, લખાણ, મૌલિકતાને ગુણ પ્રાધાન્ય આપવામાં આવશે.

## વિભાગ - A
## (પદ્ય આધારિત)

■ **નીચેના આપેલ બહુ વિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

1) ગુજરાતી ભાષાના આદ્યકવિ કોણ ગણાય છે ?
   (અ) નરસિંહ મહેતા (બ) પ્રેમાનંદ
   (ક) દયારામ (ડ) શામળ

2) નળ કયા દેશના રાજા હતા ?
   (અ) ગંધર્વ (બ) નિષધ
   (ક) બ્રહ્મ (ડ) વિદર્ભ

3) કોના દિલમાં દયા જાગી ?
   (અ) કવિના (બ) લોકોના
   (ક) ઓલિયાના (ડ) અબળાના

■ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

4) 'ઊર્મિલા' કાવ્ય કેટલા છંદોમાં રચાયું છે ?
5) 'શ્યામ રંગ સમીપે' કાવ્યના કવિનું નામ લખો.
6) 'ભવના અબોલા' કૃતિનો કાવ્યપ્રકાર જણાવો.

■ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ) [4]

7) સમગ્ર બ્રહ્માંડમાં કોણ વ્યાપેલું છે ?

8) નાયિકા કોને સંદેશો મોકલવા ઝંખે છે ?

9) કવિ નગરને કોની ઉપમા આપે છે ?

10) ગામના સજ્જનોએ શો ન્યાય કર્યો ?

■ નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ, પ્રત્યેકના 2 ગુણ) [6]

11) ભીમક રાજા દેવોને ઓળખવા દમયંતીને શી યુક્તિ બતાવે છે ?

12) મીરાંબાઇ ઉપર રાણાજીએ શા માંટે ક્રોધ કર્યો ?

13) પતિની વાતનો ઊર્મિલાએ શો જવાબ આપ્યો ?

14) કાળરૂપી કુહાડીએ કેવી પરિસ્થિતિ સર્જી દીધી છે ?

■ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈપણ એક) [4]

15) 'અખિલ બ્રહ્માંડમાં' પદમાં નરસિંહ મહેતા પરમતત્ત્વને શી રીતે સમજાવે છે ?

અથવા

ભાણીની કરુણ પરિસ્થિતિનું વર્ણન કરો.

## વિભાગ - B
## (ગદ્ય આધારિત)

■ નીચે આપેલા બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર વિકલ્પમાંથી શોધીને લખો. (પ્રત્યેકનો 1 ગુણ) [3]

16) ભોજાના વાડા નજીક કઇ નદી વહેતી હતી ?
(અ) હીરણ (બ) ભોગાવો
(ક) પાટ (ડ) ઓણ

17) વ્યાસના મતે ક્ષત્રિયનો ધર્મ શો છે ?
(અ) યુદ્ધ (બ) વ્યૂહરચના
(ક) દંડ (ડ) દેહાંતદંડ

18) શાક્ય રાજકુમારો વચ્ચે શું ખવરાવવાની શરત લાગી હતી ?
(અ) બિરંજ (બ) ખાજાં
(ક) મિષ્ઠાન (ડ) વડના ટેટા

■ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

**19)** 'યુધિષ્ઠિર યુદ્ધવિષાદ' કૃતિના લેખકનું નામ જણાવો.

**20)** 'સૌજન્યશીલ પ્રભાશંકર' પાઠનો પ્રકાર જણાવો.

**21)** 'શરત' મૂળ કઇ કૃતિનો અનુવાદ છે ?

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[4]**

**22)** લેખકની દૃષ્ટિએ ઉછીનું માગનારની નજર કેવી હોય છે ?

**23)** અમરનાથ યાત્રા કયા સમયમાં સરળ પડે છે ?

**24)** વિજુ કેટલું ભણેલી હતી ?

**25)** પરમેશ્વરના જ્ઞાનથી શું કેળવી શકાય છે ?

■ **નીચેના પ્રશ્નોના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખો. (કોઈપણ ત્રણ, પ્રત્યેકના 2 ગુણ)** **[6]**

**26)** શાક સમારતાં-સમારતાં ગાંધીજીએ વિનોબાને શું કહ્યું ?

**27)** સેલ્વી પંકજમૂએ નાયકનું સ્વાગત કેવી રીતે કર્યું ?

**28)** કઇ કઇ વસ્તુઓ ઉછીની લઇ લોકો જીવનવ્યવહાર ચલાવે છે ?

**29)** સયાજીરાવ ગાયકવાડે બંગલે આવીને રાણીને શું કહ્યું ?

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈપણ એક)** **[4]**

**30)** 'ખીજડિયે ટેકરે' પાઠના શીર્ષકની યથાર્થતા ચર્ચો.

**અથવા**

'મા'ત્માના માણસ' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

## વિભાગ - C
## (પાઠ્ય પુસ્તક આધારિત વ્યાકરણ)

■ **નીચેના સમાનાર્થી શબ્દો સામ-સામે જોડી લખો. (ગમે તે ચાર)** **[2]**

| | | |
|---|---|---|
| **31)** પ્રવાસ | નિયમ | સુંદર |
| **32)** આંખ | મુસાફર | કલ્યાણ |
| **33)** નીમ | નેત્ર | વ્રત |
| **34)** મનોહર | શુભ | નેણ |
| **35)** મંગલ | રમ્ય | સફર |

■ **નીચેના વાક્યમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે ફરીથી લખો. (ગમે તે ચાર)** [2]

36) ટેકરાની જમીન કઠણ નહોતી.

37) પરમ સેવ્ય અહિંસા છે.

38) મારી માન્યતા ખોટી ઠરી.

39) તે અભિમાની છે.

40) ભગવાને અસંમતિ ન દર્શાવી.

■ **નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર, પ્રત્યેકનો 0.5 ગુણ)** [2]

41) નીલા રંગનું વસ્ત્ર

42) નાણાંની આપ લે માટેની ચિઠ્ઠી

43) પગે ચાલવાનો અવાજ

44) શિક્ષિત વ્યક્તિઓનો આચાર

45) આનંદ સાથે લેવાતું ભોજન

■ **તળપદા શબ્દોના શિષ્ટ ભાષાનો માન્ય અર્થ લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ)** [1]

46) મલક

47) ડિલ

■ **નીચેના શબ્દોની સાચી જોડણી લખો. (કોઈપણ બે, પ્રત્યેકનો 0.5 ગુણ )** [1]

48) અનૂકુળ

49) સોશિત

50) પત્થરો

■ **નીચેના પ્રશ્નોના ઉત્તર કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે લખો. (કોઈપણ છ, પ્રત્યેકનો અડધો ગુણ)** [3]

51) આ તો ગૌણ ભાષા છે.
(નિપાત શોધો)

52) મને હું રજ ........ હીન ગણતી નથી.
(ખાલી જગ્યામાં નિપાત મૂકો)

53) મેં તો કાચનાં કર્યાં કમાડ.
(વિશેષણ શોધો)

54) ભોજા જેવો ....... આદમી પણ ભડકી ઉઠયો.
(ખાલી જગ્યામાં વિશેષણ મૂકો)

55) એને હીરાને મળવું હતું.
(કૃદંત શોધો)

56) એ નિદ્રામાં ........ હતો.
(ખાલી જગ્યામાં કૃદંત લખો)

57) ઉછીનું માગનાર ઉછીનું આપતા નથી.
(કૃદંત શોધી પ્રકાર લખો)

■ **નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો.**
**(કોઈપણ બે, પ્રત્યેકનો 1 ગુણ)** **[2]**

58) સોપો પડી જવો

59) પાડ માનવો

60) રાવ ખાવી

■ **નીચેના વાક્યમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે ઉત્તર લખો.**
**(કોઈપણ ત્રણ, પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

61) યુદ્ધ માટે તો હુંજ કૂદં કૂદા કરતી હતી.
(લેખનરૂઢિની દૃષ્ટિએ સુધારો)

62) 5 મી પેઢીને જોવાની વાસના ડોશીને હતી.
(ભાષા શુદ્ધ કરો)

63) એનું શરીર કાબૂથી ન રહેતું.
(પ્રત્યય સુધારો)

64) એ ગુરુને ઘેર વિદ્યા દૂર ભણવા ગયો દેશ.
(વાક્યમાં પદક્રમ ગોઠવો)

■ **નીચેના સંયુક્ત કે સંકુલ વાક્યોને સાદા વાક્યમાં ફેરવી ફરીથી લખો.**
**(કોઈપણ બે - પ્રત્યેકનો 1 ગુણ)** **[2]**

65) અમારા પાંચમાંથી બે જણને આ અલૌકિક શોભાભર્યું દશ્ય જોવાનું રહી ગયું, તેથી અમે ત્રણે ઘણો જીવ બાળ્યો.

66) પરમેશ્વર આંખે દેખાતો નથી પણ એને અનુભવમાં લઇ શકાય છે.

67) મેં મારી સગી આંખે જોયેલું છે કે બિરંજ કડાઇમાંથી ઉત્પન્ન થાય છે.

■ **નીચેના સાદાં વાક્યોને સંયુક્ત કે સંકુલ વાક્યમાં ફેરવી લખો.**
**(કોઈપણ બે - પ્રત્યેકનો 1 ગુણ)** **[2]**

68) રસોઇમાં ગળપણ વિના ચાલે, મીઠા વિના ચાલે નહિં.

69) હું બાપુને મળ્યો, હું એમના પર મુગ્ધ થઇ ગયો.

70) તમે વીસ લાખનું જોખમ ઉઠાવો છો, હું મારી સ્વતંત્રતાનું જોખમ ઉઠાવું છું.

## વિભાગ - D
## (અર્થગ્રહણ)

■ **નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[5]**

છેલ્લું
સ્ટેશન આવવાની પ્રતીક્ષામાં
બારીનો કાચ ઊંચો કરી
થાંભલા ગણ્યા કરું છું
એક પછી એક
પ્લેટફૉર્મ આવતાં જાય છે
પણ એમાંનું એકેય પરિચિત નથી.
મને ખબર છે
છેલ્લું સ્ટેશન આવતાં પહેલાં
નદી આવે છે.
લાલલીલી ઝંડીઓ ફરકે છે
પણ
રંગ ઓળખવાનું હું ભૂલી ગયો છું
ને
ભૂલી ગયો છું છેલ્લા સ્ટેશનનું નામ.

— મફત ઓઝા

**પ્રશ્નો :**

71) કવિ શેની પ્રતીક્ષામાં છે ?

72) છેલ્લું સ્ટેશન આવતાં પહેલાં શું આવે છે ?

73) છેલ્લા સ્ટેશનની પ્રતીક્ષામાં કવિ શું ભૂલી ગયા છે ?

74) પ્રતીક્ષાની ક્ષણો કવિ કેવી રીતે પસાર કરે છે ?

75) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ **નીચેના ગદ્યખંડના આધારે આપેલા પ્રશ્નોના ઉત્તર એક-બે વાકયમાં લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[5]**

અભ્યાસનું મહત્ત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાવેલું છે પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી. અભ્યાસ વિના સંસ્કાર

દૃઢ થતા નથી, એ જણાયું એટલે ગમે તે રીતે આપણે અભ્યાસ કરાવવા મથીએ છીએ. દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે : ભયથી, લાલચથી કે પ્રેમથી. ભયથી અને લાલચથી પણ સંસ્કાર પાડી શકાય છે. એમાં અભ્યાસ કરનારની વિવેકબુદ્ધિને ખીલવવી નથી પડતી. સરકસના મૅનેજરો જનાવરોને ભયથી જ કેળવે છે. શાળામાં શિક્ષકો પણ એ જ રીત અજમાવે છે. ઘણા ધર્મગુરુઓ પણ ભય કે આશા બતાવીને સારી ટેવો પાડવાનો પ્રયત્ન કરે છે; પણ આ રીતે પાડેલી ટેવોમાંથી જ્યારે વિશ્વાસ ઊઠી જાય ત્યારે સૈકાની ટેવો થોડા જ સમયમાં નાશ પામે છે.

**પ્રશ્નો :**

76) આપણા દેશમાં લાંબા કાળથી શું સમજાવેલું છે ?

77) દરેક ક્રિયા કઇ ત્રણ રીતે કરી શકાય છે ?

78) સરકસના મૅનેજરો જનાવરોને કેવી રીતે કેળવે છે ?

79) કઇ ટેવોમાંથી વિશ્વાસ ઊઠી જાય છે ?

80) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

■ **નીચેના ગદ્યખંડનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[5]**

81) સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે, પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કરકસરથી યોજનાપૂર્વક, વ્યવસ્થિત રીતે ખર્ચે છે, જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાખે છે. પરિણામે એકને સંતોષ અને સફળતા મળે છે. બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યક્તિને પોતાનો સમય વાપરતા આવડતું નથી તેને કશું જ વાપરતા આવડતું નથી. જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય, તો તેમાં થતી બચત એ જ કમાણી છે. નવો સમય કોઇને મળી શકતો નથી. એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે તેની પાસે વધુમાં વધુ સમય જમા થઇ શકે અને જેની પાસે સમય જમા થાય તેની પાસે શક્તિ પણ જમા થાય. સમય અને શક્તિ ભેગાં થાય એ પછી શું ન કરી શકે? એ ધારે તે કરી શકે.

— મોહમ્મદ માંકડ

■ **નીચેના ગદ્યખંડને કાળ કથનરીતિ પ્રમાણે વિચાર-વિકાસના ક્રમમાં ગોઠવીને ફરીથી લખો.** **[5]**

82) એક અંગ્રેજી કાવ્યપંક્તિ મારા મનમાં કૂદી કૂદીને રટણ કરવા મંડી પડી. કાશ્મીરનો વૈશાખ ત્યાંતો બેસી ચૂકેલી વસંત ઋતુ. 'સેવ' એટલે સફરજનના ઝાડ ઉપર દૂધ જેવા ધોળા ફૂલના ગુચ્છા ખીલી ઉઠયા હતા. પહેલગામથી શરૂઆતથી જ શેષ નદીને કાંઠે થઇને રસ્તો જાય છે. પૂર ઝપાટાબંધ વહેતાં શેષ નદીના નીર અને કાંઠે વાતાવરણથી હરખાઇ ઊઠેલા સફરજનનાં વૃક્ષ ! નદી કાંઠે કેવી અભિરામ વનરાઇ !

## વિભાગ - E
## (લેખનની સજ્જતા)

83) તમે રહો છો તે વિસ્તારમાં રખડતાં ઢોરોનો ત્રાસ વધી રહ્યો છે. આ બાબતની ફરિયાદ કરતી અરજી મ્યુનિસિપલ કમિશ્નરને લખો. [5]

■ **નીચેના પાઠ્યેતર ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરો.** [5]

84) ધન એ સુખપ્રાપ્તિનું સાધન છે, પણ આજે એ સાધ્ય બની ગયું છે. એને કમાવા માટે ઉદાસીનતા ન દાખવવી અને વેડફવા ઉત્સુકતા ન દાખવવી. પૈસો કદાચ તમારી સગવડમાં વધારો કરે પણ સુખ તો સંતોષથી મળશે. પૈસાને ધિક્કારવાની જરૂર નથી, તેમ તેની કદમબોસી કરવાની જરૂર નથી.

**અથવા**

'પ્રાર્થનાનું મહત્ત્વ' વિશે આશરે સિત્તેરથી એંશી શબ્દોમાં નીચેના શબ્દો કે શબ્દસમૂહોનો ઉપયોગ કરીને ભાવાત્મક ગદ્યમાં એક પરિચ્છેદ લખો.

શબ્દયાદી – પ્રાર્થના – હૃદયનું સ્નાન – હૃદયનો ખોરાક – વાતાવરણ – ભગવાનનું સાન્નિધ્ય – આત્મીયતા – આત્મપરાયણતા – નવું ચૈતન્ય – મહાનમૂડી – ધીરજ – નવી આશા.

■ **નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** [10]

85) **માતૃપ્રેમ :**

પ્રસ્તાવના – માનું મૂલ્ય-અમૂલ્ય – જન્મથી માંડી જીવનઘડતરમાં અમૂલ્ય ફાળો – પશુ-પંખીઓમાં પણ માતૃભાવના – મા વિનાના સમાજની કલ્પના અશક્ય – ઉપસંહાર.

**સ્વચ્છતા :**

પ્રસ્તાવના – શરીરની સ્વચ્છતા – ઘર અને મહોલ્લાની સ્વચ્છતા અંગેના પ્રયત્નો – ગામડાં અને શહેરોની સ્થિતિ – ગાંધીજીના સ્વચ્છતા અંગેના પ્રયત્નો – સ્વચ્છતાની જવાબદારી – વિદેશોમાં સ્વચ્છતા – ઉપસંહાર.

**ઇન્ટરનેટના લાભાલાભ :**

પ્રસ્તાવના – આધુનિક યુગની શોધ – ઈન્ટરનેટના ઉપયોગો – દુરપયોગો – યુવાવર્ગ પર અસરો – ઈન્ટરનેટની આવશ્યકતા – સંચારનું ઉત્તમ માધ્યમ – ઉપસંહાર.

◆◆◆